MAAHI MILK PRODUCER COMPANY

Maahi

પરિપત્ર નંબર: માહી/પી.આઇ.બી./૨૦૨૫-૨૬/૦૨ તા.: ૧૯/૦૯/૨૦૨૫

**પરિપત્ર**

પ્રતિ,
દૂધ ઉત્પાદક બહેનો
......................................દૂધ એકત્રીકરણ કેન્દ્ર ( એમ.પી.પી. ),

દૂધ ઉત્પાદકોની સંસ્થા - માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની દ્વારા પશુપાલન ક્ષેત્રે કાર્યરત મહિલાઓને વધુને વધુ સંસ્થા સાથે જોડવા અને તેના થકી આર્થિક સક્ષમ બનાવવા **ખાસ મહિલાઓ માટેની નવી સભ્યપદ નોંધણી ઝુંબેશ**નો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

માહીની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારના પશુપાલકો પાસેથી દૂધ એકત્રીકરણ દ્વારા રોજગારી પૂરી પાડી તેમનું આર્થિક ઉત્થાન કરવાનો છે. હાલ સરકારશ્રી દ્વારા મહિલાઓને સશક્ત કરવા વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે. માહી પણ વધુને વધુ મહિલાઓને સશક્ત બનાવવા માટે કાર્યરત છે. મહિલા સશક્તિકરણની ઝુંબેશને વેગ આપવા અને વધુ ને વધુ મહિલાઓને આર્થિક સક્ષમ બનાવવા માહી દ્વારા ખાસ મહિલા સભ્યપદની શરૂઆત કરવામાં આવી રહી છે.

આ સભ્યપદની નોંધણી ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવશે, તેથી સભ્યપદ મેળવવા ઇચ્છુક માત્ર મહિલા પશુપાલકે સભ્યપદ માટેની અરજી ઓનલાઇન કરવાની રહેશે. માહીમાં સભ્યપદ મેળવવા, તેને જાળવી રાખવા માટેની મુખ્ય શરતો તેમજ નિયમો અંગે જાણકારી મેળવવા કંપનીની વેબસાઇટ www.maahimilk.com ની મુલાકાત લેવા મહિલા પશુપાલકોને અનુરોધ છે. માહીનું સભ્યપદ મેળવવા ઇચ્છુક મહિલા પશુપાલકોએ નજીકની એમ.પી.પી. પર જઇ માહીના નીતિ-નિયમો, સભ્ય અરજી પત્રક વાંચી, સમજી અને અરજી કરવી.

**સભ્યપદની નોધણી પ્રક્રિયાનો સમયગાળો તા.૨૨.૦૯.૨૦૨૫ થી તા.૦૬.૧૦.૨૦૨૫ સુધીનો રહેશે.** દૂધ ઉત્પાદન ક્ષેત્રે મહિલાઓના યોગદાનને ધ્યાને લઇ શરુ કરવામાં આવનાર આ ખાસ મહિલા સભ્યપદની નોધણીમાં માહી સાથે વધુને વધુ મહિલા દૂધ ઉત્પાદકોને જોડાવા અપીલ છે. માહીમાં સભ્ય તરીકે જોડાવા માંગતા મહિલા દૂધ ઉત્પાદકો (અરજદારો)ને આ બાબતે નજીકના દૂધ એકત્રીકરણ કેન્દ્ર (એમ.પી.પી)નો સંપર્ક કરવા વિનંતી છે.

આભાર સહ,

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ વતી

MAAHI MILK PRODUCER COMPANY LIMITED RAJKOT

મુખ્ય કાર્યપાલક

**MAAHI MILK PRODUCER COMPANY LIMITED, CIN** (Corporate Identity Number) : U01403GJ2012PTC070646
**Regd. Office :** Admin Block, Animal Feed and Nutrition Unit, Rajkot- Jamnagar Highway, Village Khandheri, Taluka- Paddhari, District – Rajkot, Gujarat, India, 360110.
Tel. : 0281-2460732 • E-mail : info@maahimilk.com • Website : www.maahimilk.com
**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, CIN** (Corporate Identity Number) : U01403GJ2012PTC070646
રજી. ઓફિસ : એડમીન બ્લોક, એનીમલ ફીડ અને ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ–જામનગર હાઇવે, ગામ : ખંઢેરી, તાલુકો : પડધરી, જીલ્લો : રાજકોટ, ગુજરાત, ભારત, ૩૬૦૧૧૦.
ફોન : ૦૨૮૧–૨૪૬૦૭૩૨ • E-mail : info@maahimilk.com • Website : www.maahimilk.com

Scanned with OKEN Scanner